૧૧-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “અવ્યક્ત-બાપદાદા” રીવાઈઝ ૧૮-૦૧-૯૩ મધુબન

## પ્રત્યક્ષતા નો આધાર - દૃઢ પ્રતિજ્ઞા

આજે સમર્થ બાપ પોતાનાં સમર્થ બાળકો સાથે મિલન મનાવી રહ્યાં છે. સમર્થ બાપે દરેક બાળકોને સર્વ સમર્થીઓનો ખજાનો અર્થાત્ સર્વ શક્તિઓનો ખજાનો બ્રાહ્મણ જન્મ થતા જ જન્મસિધ્ધ અધિકાર નાં રુપમાં આપી દીધો અને દરેક બ્રાહ્મણ આત્મા પોતાનાં આ અધિકાર ને પ્રાપ્ત કરી સ્વયં સંપન્ન બની બીજાઓને પણ સંપન્ન બનાવી રહ્યાં છે. આ સર્વ સમર્થીઓનો ખજાનો બાપદાદાએ દરેક બાળકોને અતિ સહજ અને સેકન્ડમાં આપ્યો. કેવી રીતે આપ્યો? સેકન્ડમાં સ્મૃતિ અપાવી. તો સ્મૃતિ જ સર્વ સમર્થિઓની ચાવી બની ગઈ. સ્મૃતિ આવી ‘મારા બાબા’ અને બાપે કહ્યું ‘મારા બાળકો’ આ જ રુહાની સ્મૃતિ - સર્વ ખજાનાઓની ચાવી સેકન્ડમાં આપી. મારા માન્યાં અને સર્વ જન્મસિધ્ધ અધિકાર પ્રાપ્ત થયો! તો સહજ મળ્યો ને. હવે દરેક બ્રાહ્મણ આત્મા નિશ્ચય અને નશા થી કહે છે કે બાપનો ખજાનો તે મારો ખજાનો. બાપ નાં ખજાના ને પોતાનો બનાવી દીધો.

આજનાં દિવસને પણ વિશેષ સ્મૃતિ-દિવસ કહો છો. આ સ્મૃતિ-દિવસ બાળકોને સર્વ સમર્થી આપવાનો દિવસ છે. આમ તો બ્રાહ્મણ જન્મ નો દિવસ જ સમર્થીઓ પ્રાપ્ત કરવાનો દિવસ છે પરંતુ આજનાં સ્મૃતિ-દિવસ નું વિશેષ મહત્વ છે. તે શું મહત્વ છે? આજ નાં સ્મૃતિ-દિવસ પર વિશેષ બ્રહ્મા બાપે પોતે પોતાને અવ્યક્ત બનાવી વ્યક્ત સાકાર રુપમાં વિશેષ બાળકો ને વિશ્વની આગળ પ્રત્યક્ષ કરવાનો વિશેષ વિલ-પાવર વિલ કર્યો. જેવી રીતે આદિ માં પોતાને, સર્વ સંબંધ અને સંપત્તિની સેવા અર્થ શક્તિઓની આગળ વિલ કર્યા, એવી રીતે આજનાં સ્મૃતિ-દિવસ પર બ્રહ્મા બાપે સાકાર દુનિયામાં સાકાર રુપ દ્વારા વિશ્વ-સેવા નિમિત્ત શક્તિ સેનાને પોતાનાં સાકાર રુપનો પાર્ટ ભજવવાનો સર્વ વિલ-પાવર્સ બાળકોને વિલ કર્યો. સ્વયં અવ્યક્ત ગુપ્ત રુપધારી બન્યાં અને બાળકોને વ્યક્ત રુપમાં વિશ્વ કલ્યાણનાં પ્રતિ નિમિત્ત બનાવ્યાં અર્થાત્ સાકાર રુપ માં સેવા નાં વિલ-પાવર્સ નું વિલ કર્યુ એટલે આ દિવસ ને સ્મૃતિ દિવસ અથવા સમર્થી દિવસ કહે છે.

બાપદાદા જોઈ રહ્યાં છે કે એ જ સ્મૃતિનાં આધાર પર દેશ-વિદેશ માં ચારેય તરફ બાળકો નિમિત્ત બની સેવામાં સદા આગળ વધતા રહે છે અને વધતા જ રહેશે કારણ કે વિશેષ ત્રિમૂર્તિ વરદાન બાળકોની સાથે છે. શિવબાબા નું તો છે જ પરંતુ સાથે ભાગ્યવિધાતા બ્રહ્મા બાપ નું પણ વરદાન છે, સાથે જગતઅંબા સરસ્વતી મા નું પણ મધુર વાણીનું વરદાન છે એટલે ત્રિમૂર્તિ વરદાનો થી સહજ સફળતાનો અધિકાર અનુભવ કરી રહ્યાં છો. આગળ ચાલી વધારે જ સહજ સાધન અને શ્રેષ્ઠ સફળતા નો અનુભવ થવાનો જ છે. બાપદાદા ને પ્રત્યક્ષ કરવાનો ઉમંગ-ઉત્સાહ ચારેય તરફ છે કે જલ્દી થી જલ્દી પ્રત્યક્ષતા થઈ જાય. બધાં આ જ ઈચ્છે છે ને! ક્યારે થઈ જાય? કાલે થઈ જાય એટલે અહીં જ બેઠાં-બેઠાં પ્રત્યક્ષતા નાં નગારા સાંભળો. થયેલું જ છે. ફક્ત શું કરવાનું છે? કરી પણ રહ્યાં છો અને કરવાનું પણ છે. સંપૂર્ણ પ્રત્યક્ષતા નું નગારું વગાડવા માટે ફક્ત એક વાત કરવાની છે. પ્રત્યક્ષતા નો આધાર આપ બાળકો છો અને બાળકોમાં વિશેષ એક વાત જ અન્ડરલાઈન (ખાસ ધ્યાન) કરવાની છે. પ્રત્યક્ષતા અને પ્રતિજ્ઞા બંનેનું બેલેન્સ (સંતુલન) સર્વ આત્માઓ ને બાપદાદા દ્વારા બ્લેસિંગ (આશિર્વાદ) પ્રાપ્ત થવાનો આધાર છે. પ્રતિજ્ઞા તો રોજ કરો છો, પછી પ્રત્યક્ષતા માં વાર કેમ? હમણાં-હમણાં થઈ જવી જોઈએ ને.

બાપદાદા એ જોયું - પ્રતિજ્ઞા દિલ થી, પ્રેમ થી કરો પણ છો પરંતુ એક હોય છે ‘પ્રતિજ્ઞા’, બીજી હોય છે ‘દૃઢ

પ્રતિજ્ઞા'. દૃઢ પ્રતિજ્ઞા ની નિશાની શું છે? જાન ચાલી (પ્રાણ ચાલ્યાં) જાય પરંતુ પ્રતિજ્ઞા ન જાય. જ્યારે જાન ની બાજીની વાત આવી ગઇ, તો નાની-નાની સમસ્યાઓ તથા સમય પ્રતિ સમય નાં કેટલાં પણ વિકરાળ રુપધારી સર્કમસ્ટાન્શ (પરિસ્થિતિ) હોય.... તો જાનની બાજી ની આગળ આ શું છે! તો દૃઢ પ્રતિજ્ઞા એને કહેવાય છે જે કેવી પણ પરિસ્થિતિ હોય પરંતુ પર-સ્થિતિ, સ્વ-સ્થિતિ ને હલાવી નથી શકતી. ક્યારેય પણ કોઈ પણ હાલત માં હાર નથી ખાઈ શકતાં પરંતુ ગળા નો હાર બનશે, વિજયી રતન બનશે, પરમાત્મ ગળા નો શૃંગાર બનશે. આને કહેવાય છે દૃઢ સંકલ્પ અર્થાત્ દૃઢ પ્રતિજ્ઞા. તો 'દૃઢતા' શબ્દ ને અન્ડરલાઈન કરવાનો છે. પ્રતિજ્ઞા કરવી અર્થાત્ પ્રત્યક્ષ સબૂત (પ્રમાણ) આપવું. પરંતુ ક્યારેક-ક્યારેક ઘણાં બાળકો પ્રતિજ્ઞા પણ કરે છે અને સાથે એક ખેલ પણ ખૂબ સારો કરે છે. જ્યારે કોઈ સમસ્યા અથવા સર્કમસ્ટાન્શ હોય જે પ્રતિજ્ઞા ને કમજોર બનાવવાનું કારણ હોય, એ કારણનું નિવારણ કરવાનાં બદલે બહાનાબાજી નો ખેલ ખુબ કરે છે. આમાં ખૂબ હોશિયાર છે.

બહાનાબાજી ની નિશાની શું હોય છે? કહેશે એવું નહોતું, આવું હતું; એવું ન હોત તો તેવું ન થાત; આણે એવું કર્યુ, સર્કમસ્ટાન્શ જ એવાં હતાં, વાત જ એવી હતી. તો 'એવું' અને 'તેવું' આ ભાષા બહાનાબાજી ની છે અને દૃઢ પ્રતિજ્ઞા ની ભાષા છે 'એવું' હોય કે 'તેવું' હોય પરંતુ મારે 'બાપ' જેવું બનવું છે. મારે બનવું છે. બીજાઓને મારે નથી બનાવવાનાં, મારે બનવાનું છે. બીજા એવું કરે તો હું સારો રહું, બીજા સહયોગ આપે તો હું સંપન્ન તથા સંપૂર્ણ બનું, નહીં. આ લેવાના બદલે માસ્ટરદાતા બની સહયોગ, સ્નેહ, સહાનુભૂતિ આપવી જ લેવું છે. યાદ રાખજો બ્રાહ્મણ જીવન નો અર્થ જ છે 'આપવું જ લેવું છે', 'આપવામાં જ લેવાનું છે' એટલે દૃઢ પ્રતિજ્ઞા નો આધાર છે સ્વ ને જોવું, સ્વયં ને બદલવું, સ્વમાન માં રહેવું. સ્વમાન છે જ માસ્ટર દાતાપણાનું. આ અવ્યક્ત વર્ષમાં શું કરશો? મધુબન માં પ્રતિજ્ઞા કરીને જશો અને ત્યાં જઈને બહાનાબાજી નો ખેલ કરશો.

પ્રતિજ્ઞા દૃઢ હોવાના બદલે કમજોર થવાનું કે પ્રતિજ્ઞામાં લુઝ (ઢીલા) થવાનું એક જ મૂળ કારણ છે. જેમકે કેટલી પણ મોટી મશીનરી હોય પરંતુ એક નાનો-એવો સ્ક્રુ (પેચ) પણ લુઝ (ઢીલો) થઈ જાય તો આખાં મશીન ને બેકાર કરી દે છે. એમ પ્રતિજ્ઞા ને પૂરી કરવા માટે પ્લાન ખૂબ સારા-સારા બનાવો છો, પુરુષાર્થ પણ ખૂબ કરતા રહો છો પરંતુ પુરુષાર્થ તથા પ્લાન ને કમજોર કરવાનો સ્ક્રુ એક જ છે 'અલબેલાપણું'. તે ભિન્ન-ભિન્ન રુપમાં આવે છે અને સદા નવાં-નવાં રુપમાં આવે છે, જૂનાં રુપમાં નથી આવતું. તો આ 'અલબેલાપણા' નાં લુઝ સ્ક્રુ ને ટાઈટ કરો. આ તો થાય જ છે, નહીં. થવાનું જ છે, ચાલે જ છે, થાય જ છે, આ છે અલબેલાપણું. થઈ જશે - જોઈ લેજો, વિશ્વાસ કરો; દાદી-દીદી મારા ઉપર વિશ્વાસ કરો, થઈ જશે. ના. બાપ જેવાં બનવાનું જ છે, હમણાં-હમણાં બનવાનું છે. ત્રીજી વાત પ્રતિજ્ઞા ને દૃઢ થી કમજોર બનાવવાનો આધાર પહેલાં પણ હસવાની વાત સંભળાવી હતી કે ઘણાં બાળકોની નજીકની નજર કમજોર છે અને દૂરની નજર બહુ-બહુ તેજ છે. નજીક ની નજર છે સ્વયં ને જોવું, સ્વ ને બદલવું અને દૂર ની નજર છે બીજાઓને જોવા, એમાં પણ કમજોરીઓને જોવી, વિશેષતા ને નહીં એટલે ઉમંગ-ઉત્સાહ માં અંતર પડી જાય છે. મોટાં-મોટાં પણ એવું કરે છે, અમે તો છીએ જ નાનાં. તો દૂરની કમજોરી જોવાની નજર દગો આપી દે છે, આ કારણે પ્રતિજ્ઞા ને પ્રેક્ટિકલ (વ્યવહાર) માં લાવી નથી શકતાં. સમજ્યાં, કારણ શું છે? તો હવે સ્ક્રુ ટાઈટ કરતા આવડશે કે નહીં? 'સમજ' નું સ્ક્રુ-ડ્રાઇવર (પેચકેસ) તો છે ને. યંત્ર તો છે ને.

આ વર્ષે સમજવું, ઈચ્છવું, અને કરવું - ત્રણેય ને સમાન બનાવો. ત્રણેય ને સમાન કરવા અર્થાત્ બાપ સમાન

બનવું. જો બાપદાદા કહેશે કે બધાં લખીને આપો તો સેકન્ડમાં લખશે. ચિઠ્ઠી પર લખવું કોઈ મોટી વાત નથી. મસ્તક પર દૃઢ સંકલ્પ ની શાહી થી લખી દો. લખતા આવડે છે ને. મસ્તક પર લખતા આવડે છે કે ફક્ત ચિઠ્ઠી પર લખતા આવડે છે? બધાએ લખ્યું? પાક્કું? કાચ્ચું તો નથી જે બે દિવસ માં ભૂસાઈ જાય? કરવું જ છે, જાન ચાલી જાય પરંતુ પ્રતિજ્ઞા ન જાય એવો દૃઢ સંકલ્પ જ 'બાપ સમાન' સહજ બનાવશે. નહીં તો ક્યારેક મહેનત, ક્યારેક મહોબ્બત આ જ ખેલ માં ચાલતા રહેશો. આજનાં દિવસે દેશ-વિદેશ નાં બધાં બાળકો તન થી ત્યાં છે પરંતુ મન થી મધુબન માં છે એટલે બધાં બાળકોને સ્મૃતિ-દિવસ નાં અલૌકિક અનુભવ માં બાપદાદાએ જોયાં, સારા-સારા અનુભવ કર્યા છે, સેવા પણ કરી છે. અલૌકિક અનુભવોની અને સેવાની દરેક બાળકોને મુબારક આપી રહ્યાં છે. બધાનાં શુદ્ધ સંકલ્પ, મીઠી-મીઠી રુહારિહાન અને પ્રેમનાં મોતીઓની માળાઓ બાપદાદા ની પાસે પહોંચી ગઈ છે. રિટર્ન માં બાપદાદા પણ સ્નેહની માળા બધાં બાળકોનાં ગળામાં નાખી રહ્યાં છે. દરેક બાળક પોત-પોતાનાં નામ થી વિશેષ યાદ, પ્યાર સ્વીકાર કરજો. બાપદાદાની પાસે રુહાની વાયરલેસ-સેટ આટલો પાવરફુલ છે જે એક જ સમય પર અનેક બાળકોનાં દિલનો અવાજ પહોંચી જાય છે. નથી ફક્ત અવાજ પહોંચતો પરંતુ બધાંની સ્નેહીમૂર્ત પણ ઈમર્જ (જાગૃત) થઈ જાય છે એટલે બધાંને સન્મુખ જોઈ વિશેષ યાદ, પ્યાર આપી રહ્યાં છે. અચ્છા!

સર્વ સમર્થ આત્માઓ ને, સર્વ દૃઢ પ્રતિજ્ઞા અને પ્રત્યક્ષતા નું બેલેન્સ રાખવાવાળા શ્રેષ્ઠ આત્માઓ ને, સદા સમજવું, ઈચ્છવું અને કરવું ત્રણેય ને સમાન બનાવવા વાળા બાપ સમાન બાળકો ને, સદા સમસ્યાઓ ને હાર ખવડાવવા વાળા, પરમાત્મ-ગળા નો હાર બનવા વાળા વિજયી રતનો ને સમર્થ બાપદાદા નાં યાદ, પ્યાર અને નમસ્તે.

**દાદીઓ સાથે મુલાકાત**

બધાં બંને વિલ નાં પાત્ર છો આદિ નાં વિલ પણ અને સાકાર સ્વરુપ નાં અંત નાં વિલ પણ. વિલ-પાવર આવી ગયો ને! વિલપાવર નું વિલ વિલપાવર દ્વારા સદા સ્વ નાં પુરુષાર્થ થી એકસ્ટ્રા (વધારે) કાર્ય કરાવે છે. એ હિંમત નાં પ્રત્યક્ષ ફળ માં પદમગણા મદદ નાં પાત્ર બન્યાં. ઘણાં વિચારે છે કે આ આત્માઓ જ નિમિત્ત કેમ બન્યાં? તો આનું રહસ્ય છે કે વિશેષ સમય પર વિશેષ હિંમત રાખવાનું પ્રત્યક્ષફળ સદા નું ફળ બની ગયું એટલે ગવાયેલું છે એક કદમ હિંમત નો અને પદમ કદમ બાપની મદદ નાં, એટલે સદા બધી વાતો ને પાર કરવાનો વિલપાવર વિલ નાં રુપમાં પ્રાપ્ત થયો. એવું છે ને! તમે બધાં પણ સાથી છો. સારો સાથ નિભાવી રહયાં છો. નિભાવવા વાળાઓને બાપ પણ પોતાનો દરેક સમયે સહયોગ નો વાયદો નિભાવે છે. તો આ આખું ગ્રુપ નિભાવવા વાળા નું છે. (સભાને પૂછતાં) તમે બધાં પણ નિભાવવા વાળા છો ને. કે ફક્ત પ્રીત કરવાવાળા છો? કરવાવાળા અનેક હોય છે અને નિભાવવા વાળા કોઈ-કોઈ હોય છે. તો તમે બધાં શેમાં છો? કોટોમાં કોઈ છો, કોઈમાં પણ કોઈ છો! જુઓ, દુનિયામાં હંગામા (તોફાન) થઈ રહ્યાં છે અને તમે શું કરી રહ્યાં છો? મોજ મનાવી રહ્યાં છો. કે મૂંઝાયેલા છો શું કરવાનું છે, શું થવાનું છે? તમે કહો છો કે બધું સારું થવાનું છે. તો કેટલું અંતર છે! દુનિયામાં દરેક સમયે પ્રશ્નાર્થ-ચિહ્ન છે કે શું થશે? અને તમારી પાસે શું છે? ફુલ સ્ટોપ (પૂર્ણવિરામ). જે થયું તે સારું અને જે થવાનું છે તે અમારા માટે સારું છે. દુનિયા માટે અકાળે મૃત્યુ છે અને તમારા માટે મોજ છે. ડર લાગે છે? થોડું-થોડું લોહી જોઈને ડર લાગશે? તમારી સામે ૭-૮ ને ગોળી લાગી જાય તો ડરશો? નિંદર માં દેખાશે તો નહીં

ને! શક્તિસેના અર્થાત્ નિર્ભય. ન માયા થી ભય, ન પ્રકૃતિ ની હલચલ થી ભય. એવાં નિર્ભય છો કે થોડા-થોડા કમજોર છો? અચ્છા!

**અવ્યક્ત બાપદાદા ની પર્સનલ (વ્યક્તિગત) મુલાકાત - સર્વ શક્તિઓ ઓર્ડર માં હોય તો માયાજીત બની જશો**

બધાં પોતાને સદા માયાજીત, પ્રકૃતિજીત અનુભવ કરો છો? માયાજીત બની રહ્યાં છો કે હવે બનવાનું છે? જેટલી-જેટલી સર્વશક્તિઓને પોતાનાં ઓર્ડર પર રાખશો અને સમય પર કાર્યમાં લગાવશો તો સહજ માયાજીત થઈ જશો. જો સર્વ શક્તિઓ પોતાનાં કંટ્રોલ માં (નિયંત્રણમાં) નથી તો ક્યાંક ને ક્યાંક હાર ખાવી પડશે.

માસ્ટર સર્વશક્તિવાન અર્થાત્ કંટ્રોલિંગ પાવર હોય. જે સમયે જે શક્તિનું આહવાન કરો તે હાજર થઈ જાય, સહયોગી બને. એમ ઓર્ડર માં છે? સર્વ શક્તિઓ ઓર્ડર માં છે કે આગળ-પાછળ થાય છે? ઓર્ડર કરો હમણાં અને આવે કલાક પછી તો એને માસ્ટર સર્વ શક્તિમાન કહેવાશે? જ્યારે તમારા બધાનું ટાઇટલ (શિર્ષક) છે માસ્ટર સર્વ શક્તિમાન, તો જેવું ટાઇટલ છે તેવા જ કર્મ હોવા જોઈએ ને. છે માસ્ટર અને શક્તિ સમય પર કામમાં ન આવે, તો કમજોર કહેવાશે કે માસ્ટર કહેવાશે? તો સદા ચેક કરો અને પછી ચેન્જ (પરિવર્તન) કરો- કઈ-કઈ શક્તિ સમય પર કાર્યમાં લાગી શકે છે અને કઈ શક્તિ સમય પર દગો આપે છે? જો સર્વ શક્તિઓ પોતાનાં ઓર્ડર પર નથી ચાલી શકતી તો શું વિશ્વ-રાજ્ય અધિકારી બનશો? વિશ્વ-રાજ્ય અધિકારી એ જ બની શકે છે જેમનામાં કંટ્રોલિંગ પાવર, રુલિંગ પાવર (શાસન શક્તિ) હોય. પહેલાં સ્વ પર રાજ્ય, પછી વિશ્વ પર રાજ્ય. સ્વરાજ્ય અધિકારી જ્યારે ઈચ્છે, જેવો ઈચ્છે તેવો કંટ્રોલ કરી શકે છે.

આ વર્ષે શું નવીનતા કરશો? જે કહો છો તે કરીને દેખાડશો. કહેવું અને કરવું બંને સમાન હોય. જેમ કહો છો માસ્ટર સર્વશક્તિમાન અને કરવામાં ક્યારેક વિજયી છો, ક્યારેક ઓછા છો. તો કહેવા અને કરવામાં ફરક થઈ ગયો ને! તો હમણાં આ ફરક ને સમાપ્ત કરો. જે કહો છો તે પ્રેક્ટિકલ જીવનમાં સ્વયં પણ અનુભવ કરો અને બીજાઓને પણ અનુભવ કરાવો. બીજા પણ સમજે કે આ આત્માઓ કાંઈક ન્યારા છે. ભલે હજારો લોકો હોય પરંતુ હજારોમાં પણ તમે ન્યારા દેખાવ, સાધારણ નહીં કારણ કે બ્રાહ્મણ અર્થાત્ અલૌકિક. આ અલૌકિક જન્મ છે ને. તો બ્રાહ્મણ જીવન અર્થાત્ અલૌકિક જીવન, સાધારણ જીવન નહીં. એવો અનુભવ કરો છો? લોકો સમજે છે કે આ ન્યારા છે? કે સમજે છે જેવા અમે છીએ તેવા આ?

ન્યારા બનવાની નિશાની છે જેટલાં ન્યારા બનશો એટલાં સર્વ નાં પ્યારા બનશો. જેમ બાપ સૌથી ન્યારા છે અને બધાનાં પ્યારા છે. તો ન્યારાપણું પ્યારા બનાવી દે છે. તો એવાં ન્યારા અને આત્માઓનાં પ્યારા ક્યાં સુધી બન્યાં છો આ ચેક કરો. લૌકિક જીવનમાં પણ અલૌકિકતા નો અનુભવ કરાવો. ન્યારા બનવાની યુક્તિ તો આવડે છે ને. જેટલાં પોતાનાં દેહ નાં ભાન થી ન્યારા થતા જશો એટલાં પ્યારા લાગશો. દેહ-ભાન થી ન્યારા. તો અલૌકિક થઈ ગયાં ને! તો સદૈવ પોતાને જુઓ કે “દેહ-ભાન થી ન્યારા રહો છો? વારંવાર દેહ નાં ભાન માં તો નથી આવતાં?” દેહ-ભાન માં આવવું અર્થાત્ લૌકિક જીવન. વચ્ચે-વચ્ચે પ્રેક્ટિસ (અભ્યાસ) કરો દેહ માં પ્રવેશ થઈને કર્મ કર્યું અને હમણાં-હમણાં ન્યારા થઈ ગયાં. તો ન્યારી અવસ્થા માં સ્થિત રહેવાથી કર્મ પણ સારું થશે અને બાપનાં તથા સર્વનાં પ્યારા પણ બનશો. ડબલ ફાયદો છે ને. પરમાત્મ-પ્રેમ નાં અધિકારી બનવું એ કેટલો મોટો ફાયદો છે! ક્યારેય વિચાર્યું હતું કે એવાં અધિકારી બનીશું. સપના માં પણ નહીં વિચાર્યું હોય પરંતુ એવાં અધિકારી

બની ગયાં. તો સદા આ સ્મૃતિ માં લાવો કે પરમાત્મ-પ્રેમ નાં પાત્ર આત્માઓ છીએ! દુનિયા તો શોધતી રહે છે અને તમે પાત્ર બની ગયાં. તો સદા "વાહ મારું શ્રેષ્ઠ ભાગ્ય!" આ ગીત ગાતા રહો, ઉડતા રહો. ઉડતી કળા સર્વ નું ભલું. તમે ઉડો છો તો બધાનું પણ ભલું થઈ જાય છે, વિશ્વ નું કલ્યાણ થઈ જાય છે. સારું! બધાં ખુશ રહો છો? સદા ખુશ રહેજો અને બીજાઓને પણ ખુશ કરજો. કોઈ કેવા પણ હોય પરંતુ ખુશ રહેવાનું છે અને ખુશ કરવાનાં છે. અચ્છા!

**વરદાન :- શ્રેષ્ઠ કર્મ અને યોગી જીવન દ્વારા સંતુષ્ટતા નાં ત્રણ સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) લેવા વાળા સંતુષ્ટમણિ ભવ**

શ્રેષ્ઠ કર્મ ની નિશાની છે - સ્વયં પણ સંતુષ્ટ અને બીજા પણ સંતુષ્ટ. એવું નહીં હું તો સંતુષ્ટ છું, બીજા હોય કે નહીં. યોગીજીવન વાળા નો પ્રભાવ બીજા ઉપર સ્વતઃ પડે છે. જો કોઈ સ્વયં થી અસંતુષ્ટ છે કે બીજા એમનાંથી અસંતુષ્ટ રહે છે તો સમજવું જોઈએ કે યોગયુક્ત બનવામાં કોઈ કમી છે. યોગી જીવન નાં ત્રણ સર્ટિફિકેટ છે - એક સ્વયં થી સંતુષ્ટ, બીજું બાપ સંતુષ્ટ અને ત્રીજું લૌકિક અલૌકિક પરિવાર સંતુષ્ટ. જ્યારે આ ત્રણેય સર્ટિફિકેટ પ્રાપ્ત થાય ત્યારે કહેશે સંતુષ્ટમણિ

**સ્લોગન :-** યાદ અને સેવા માં સદા બીઝી (વ્યસ્ત) રહેવું આ સૌથી મોટી (વધારે) ખુશનસીબી છે.